

# ગુજરાતી

## ધોરણ-૪

દ્વિતીય સત્ર

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ – ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR
APPLICATION
2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૬. ભાઇબંધ મારો બોલ્યો કુહૂ

**અધ્યયન નિષ્પતિ :**

G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.

G402 શબ્દો અને વાક્યોનું શબ્દીકરણ કરીશકે છે.

G405 કથાનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.

G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

G407 વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન
- ચિત્ર વર્ણન
- પ્રશ્નોત્તરી
- ગીતનું ગાન અને તેના આધારે પ્રશ્નોત્તરી સૂચના મુજબ અભિનય
- સરખા શબ્દો વાળા ઉચ્ચારની જોડ યોગ્ય વિકલ્પ પસંદ કરવા
- પાઠનું અર્થ વાંચન સાથે સમજ
- પ્રશ્નોત્તરી વાર્તામાંથી સમાન અર્થવાળા શબ્દો શોધવા
- તમને. શું લાગે તેની ચર્ચા કરી ખરા ખોટાની સમજ
- જોડીમાં બેસી વાર્તાનું વાંચન
- પ્રશ્નોના જવાબોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- વિડીયોની દર્શન
- શબ્દ ચાર્ટ
- વાકય ચાર્ટ
- ઢોલક, મંજીરા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક વર્ગમાં હળવી કવાયત કરાવી વર્ગવ્યવસ્થા કરાવશે અને ગીતનું ગાન કરશે. શિક્ષક ચિત્રનું અવલોકન કરશે અને તેના પરથી પ્રશ્નો પૂછશે બાળકો પ્રશ્નોના જવાબ આપશે. શિક્ષક બાળકોને ગીતના આધારે પ્રશ્નો પૂછશે બાળકો તેના જવાબો આપશે. શબ્દ પરથી નવી વાકય રચના બનાવતાં શીખવશે. શિક્ષક બાળકોને કાવ્યમાં આવતા સરખા ઉચ્ચારવાળા શબ્દોની જોડ બનાવવાનું કહેશે. શિક્ષક બાળકો સમક્ષ 'આહ ! બોઘરાજ વાહ બોઘરાજ' પાઠનું આરોહ – અવરોહ સાથે વાચન કરશે. શિક્ષક વાર્તાને આધારે પ્રશ્નોત્તરી

કરશે. બાળકોને પાઠમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને બતાવશે. શિક્ષક બાળકોને જોડીમાં બેસાડી વાર્તાનું વ્યક્તિગત વાંચન કરાવશે અને પ્રશ્નોની ચર્ચા કરી પ્રશ્નો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા કોઠામાં શબ્દો લખાવી અને સમજ આપી કોઠો પૂર્ણ કરશે. શિક્ષક બાળકોને જુદા – જુદા કારીગરોની ઓળખ આપશે. તેમના વ્યવસાયની સમજ આપશે. દરેક વ્યવસાયની ઉપયોગીતા જણાવશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને જાણશે તથા જુદા – જુદા કારીગરોના નામ બોલશે. અને લખશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- ચિત્રનું અવલોકન કરી પાંચ વાકય લખવા
- શબ્દ પરથી વાકય રચના કરવી
- યોગ્ય વિકલ્પ શોધવા
- સરખા અર્થવાળા શબ્દોની જોડી બનાવવી.
- પાઠનું વ્યક્તિગત વાંચન
- ખરા ખોટા વાકયો
- શબ્દ પોટલીના શબ્દો
- કારીગરોના નામ

**મૂલ્યાંકન**

- ચિત્ર પરથી પાંચ વાકયો લખવા
- શબ્દ પરથી વાકય રચના લખવી.
- સાંજ પડતાં શું થાય લખો
- પ્રશ્નાર્થ વાકય બનાવવા
- ખરા ખોટા લખવા
- પ્રશ્નોના ઉત્તરો લખવા
- કારીગરોના નામ લખવા

## ડિસેમ્બર માસનું પાઠ આયોજન

**પાઠનું નામ :** ૭. ખોટો જાદુ ખોટો બાવો

**અધ્યયન નિષ્પતિ :**

G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.

G402 શબ્દ અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.

G405 કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.

G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

G407 વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

G408 કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું અભિનય સાથે ગાન
- ચિત્ર પરથી પ્રશ્નોત્તરી
- ગીતમાંથી સમાન અર્થ ધરાવતા શબ્દો પંક્તિ
- પરિચિત અપરિચિત પરિસ્થિતિમાં શું કરવું તેની સમજ
- ગીતનું ગાન કરી સાચો વિકલ્પ પસંદ કરશે.
- પાઠની સમજ વાર્તા સ્વરૂપે આપવી
- પાઠને આધારે પ્રશ્નોત્તરી
- ખરા – ખોટા ગીતનું અભિનય સાથે ગાન
- પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરે છે.
- સમાન અર્થવાળા વાક્યો પાઠમાંથી શોધવા
- ક્રિયા છૂટી પાડી કોષ્ટકમાં લખવી
- સમય અને ક્રિયાને સૂચવતા વાક્યોની સમજ
- કોષ્ટકની સમજ આપી કોષ્ટક પૂર્ણ કરશે.
- સરખા શબ્દોની ચર્ચા

**શૈક્ષણિક સાધન :**

- બાળ ગીત અંક
- વિડીયો નિદર્શન
- શબ્દ ચાર્ટ
- ઢોલક , મંજીરા

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- શિક્ષક બાળકોને અભિનય સાથે ‘અંતર મંતર જંતર’ નું ગીત ગવડાવશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાં આપેલા ચિત્રોનું અવલોકન કરવા માટે કહેશે અને પ્રશ્નો પૂછશે બાળકો તેના જવાબો આપશે. શિક્ષક બાળકોને સમૂહમાં ‘બા બેઠીતી રસોઇ કરવા’ ગીતનું ગાન કરાવશે અને કાવ્યના આધારે પ્રશ્નોના જવાબો પૂછશે બાળકો તેના જવાબ આપશે. કાવ્યમાં આવતા સમાન અર્થ વાળી પંક્તિ અને શબ્દો શોધવા કહેશ. શિક્ષક બાળકોને ‘બમ બમબ ભોલે’ કાવ્યનું વાર્તા સ્વરૂપે રૂપાંતર કરીને સમજાવશે બાળકો તેનો ભાવાર્થ સમજશે અને તેમાં આવતા અઘરા શબ્દોની નોંધ કરી યાદ રાખશે.
- શિક્ષક બાળકો પાસે નાટચી કરણ કરાવશે. શિક્ષક બાળકોને આપણા ત્યાં અચાનક ચોર આવી જાય તો તમે શું કરો તેની સમજ આપશે. બાળકો

પોતાના વિચારો રજૂ કરશે. શિક્ષક બાળકોને ગીત ગવડાવી અને 'કેટલું યાદ રહ્યું' તેના માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને જવાબો આપવા માટે જણાવશે. શિક્ષક બાળકોને "આવ આવ જા જા' પાઠનું વાર્તા સ્વરૂપે કથન કરશે. બાળકો ધ્યાનથી સાંભળશે. શિક્ષક બાળકોને પાઠના આધારે ખરા અને ખોટા વિધાનોની ચર્ચા કરશે. ખરૂ હોય તો 'વિધા' અને ખોટું હોય તો 'જાદુ' લખવાનું જણાવશે. ગીતનું અભિનય સાથે ગાન કરાવશે. બાળકો અભિનય સાથે ગાન કરશે. શિક્ષક બાળકોની સમક્ષ પાઠના આધારે પ્રશ્નોના જવાબોની ચર્ચા કરશે. શિક્ષક વિધાર્થીઓને સમાન અર્થવાળા વાકયો પાઠમાંથી શોધીને લખવા જણાવશે. શિક્ષક બાળકોને ભેગી થયેલી જાદુની ક્રિયાને છુટી પાડીને કોષ્ટકમાં લખવા માટેની ચર્ચા કરશે. શિક્ષક બાળકોને હમણાં પહેલા પહેલા અને હવે પછીના સમયની સમજ આપશે. બાળકોને વર્ગમાં ક્રિયાઓના અભિનયની ચિઠ્ઠીઓ બનાવી ગોળમાં બેસાડીને રમત રમાડશે. બાળકો ચિઠ્ઠી પ્રમાણે કીયાઓ કરશે. શિક્ષક બાળકોને કોષ્ટકની સમજ આપવા માટે ચર્ચા કરશે. શિક્ષક બાળકોને સ્વાધ્યાયમાં આપેલ ખાલી જગ્યાઓની ચર્ચા કરશે. બાળકોને ખાલી જગ્યા પુરવા આપશે. સરખા અર્થવાળા શબ્દો શોધવા માટે જણાવશે. શિક્ષક શબ્દ પોટલીમાં નવા અને અજાણ્યા શબ્દો લખવા માટે કહેશે. બાળકો શબ્દોનું લેખન કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- અભિનય સાથે ગાન
- ચિત્ર અવલોકન
- કાવ્યનું વાર્તામાં રૂપાંતર
- અઘરા શબ્દોનું લેખન
- નાટક પરથી તર્કશક્તિ
- પ)ાઠમાં આવતા અઘરા શબ્દોનું લેખન
- ખરું વિધા ખોટું જાદુ
- હમણાં, પહેલા, હવે પછી
- શબ્દ જૂથ બનાવવા
- નવા શબ્દો
- સરખા અર્થ વાળા શબ્દો

**મૂલ્યાંકન**

- ગીત મોઢે કરવું
- કુદરતી સૌંદર્ય ચિત્ર દોરવું
- શબ્દોનું લેખન કરવું

- ચોર આવે તો શું કરવું તેના વિશે બે ત્રણ વાક્યો લખો.
- પ્રશ્નોના જવાબ લખો
- એક વાર્તા યાદ કરી આવવી
- ખરા ખોટા લખો શોધેલા વાક્યો ઘરેથી લખવા
- રમતના આધારે પાંચ વાક્યો લખો
- શબ્દજૂથ પસંદ કરી વાક્યો બનાવવા
- શબ્દોનું લેખન કરો.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૮. ટામેટાની દડી, રમે દાદા દાદી

**અધ્યયન નિષ્પતિ :**

G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.

G402 શબ્દ અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.

G405 કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.

G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

G407 વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

G408 કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

G415 નવા શબ્દોના અર્થની ધારણા કરે છે અને નવા શબ્દો બનાવે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન
- સેલ્ફી પાડવાનો અભિનય
- પાઠનું આદર્શ વાંચન
- મને ઓળખોની સમજ
- સાચા વાક્યો ઓળખીને લખશે
- પ્રશ્નોના જવાબો અને રમતોની વિગત લખશે.
- ચિત્ર જોઇ ખોટા શબ્દો સુધારવાની પ્રવૃત્તિ
- દાંડીકૂચની રમત રમશે રમતના આધારે પ્રશ્નોત્તરી
- કોષ્ટકના આધારે વર્ગીકરણ
- સંયોજકો વાપરીને નવી વાક્ય રચનાની સમજ
- શબ્દો ગોઠવી વાક્ય રચના બનાવશે.
- ખાલી જગ્યા ગીતનું ગાન
- કોષ્ટકના આધારે વાક્ય બનાવીને લખશે.
- ખોટા શબ્દો સુધારીને લખશે.

- એકમની સમજ આપી ચિત્ર દોરવું
- ઠંડી ગીતનું લયબદ્ધ ગાન
- કાવ્યને આધારે પ્રશ્નોત્તરી
- કોષ્ટક પરથી પ્રશ્નોત્તરી
- લગભગ સરખા શબ્દોની સમજ
- શબ્દપોટલી પૂર્ણ કરશે.

**શૈક્ષણિક સાધન :**

- મોબાઇલ
- પાઠ્ય પુસ્તક
- બાલસૃષ્ટિ અંક

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- શિક્ષક વર્ગમાં બાળકોને યોગ્ય રાગ – ઢાળ સાથે અભિનય કરી ગીત ગવડાવતા બાળકો ગીત ગાશે. બાળકોની સેલ્ફી પાડવાનો અભિનય કરવા કહેશે. બાળકો અભિનય કરશે. શિક્ષક બાળકોને આરોહ – અવરોહ સાથે પાઠનું વાંચન કરશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તક માં આપેલા વાક્યોમાં મને ઓળખોની સમજ આપશે. બાળકો તે પ્રમાણે સમજીને વાક્યો બોલશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાં આપેલા સાચા ખોટા વાક્યોની સમજ આપશે. શિક્ષક બાળકો સમક્ષ પ્રશ્નોના જવાબોની ચર્ચા કરશે. બાળકો ધ્યાથી સાંભળી પ્રશ્નોના જવાબ આપશે. બાળકોની જુદી જુદી રમતોની સમજ આપશે. શિક્ષક વિદ્યાર્થીઓને ચિતરનું અવલોકન કરાવશે અને તેની નીચે ફકરામાં ખોટા શબ્દો શોધી સુધારીને લખવાની સમજ આપશે. બાળકો સમજીને લખશે. શિક્ષક બાળોકને દાંડડીકૂચની રમત કેવી રીતે રમાય તેની સમજ આપશે. બાળકો રમત રમશે. રમતના આધારે પ્રશ્નકો પૂછશે બાળકો તેના જવાબો આપશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાં આપેલા કોષ્ટકની સમજ આપશે. બાળકો સમજશે અને તેના આધારે કોષ્ટકમાં વર્ગીકરણ કરશે. શિક્ષક બાળકોને તેથી, કારણ કે, કેમકે, જેવા સંયોજકોની સમજ આપી વાક્યો લખવા કહેશે. બાળકો તે પ્રમાણે વાક્યો લખશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાં આપેલા આડા – અવળા શબ્દોને યોગ્ય ક્રમમાં વાક્ય રચના બનાવવા શીખવશે. બાળકો સમજશે. અને વાક્યો લખશે. શિક્ષક બાળકોને ખાલી જગ્યાઓ વિશે ચર્ચા કરશે. બાળકો સમજશે. સમૂહમાં ગીતનું ગાન કરાવશે. બાળકો સમૂહમાં ગીત ગાશે. શિક્ષક બાળકોને વાક્ય

ફરીથી લખશે તથા ફકરામાં લીટી દોરેલ વાક્યોમાં ફરીથી વાંચી અને સુધારીને લખવાની સમજ આપશે. શિક્ષક બાળકોને બે મિનિટ વજ્રાસનમાં બેસાડીને પાઠનું આદર્શ વાંચન કરાવશે. બાળકો તે પ્રમાણે કરશે. શિક્ષકો બાળકોને એકમની સમજ આપી અને એકમના આધારે ચિત્ર દોરવા કહેશે. બાળકો તે પ્રમાણે ચિત્ર દોરશે. શિક્ષક બાળકોને વર્ગમાં કહે 'ટામેટું' ગીતનું ગાન કરાવશે. બાળકો તે પ્રમાણે ગીતનું ગાન કરશે અને ઠંડીનું મહત્વ સમજશે. કાવ્યના દરેક પ્રશ્નોના જવાબો પૂછશે. શિક્ષક બાળકોને પુસ્તકમાં આપેલ કોષ્ટકની સમજ આપશે. અને તેના પરથી જવાબ આપશે. બાળકો જવાબ સમજી નોટમાં લખશે. શિક્ષક બાળકોને પાઠને આધારે પાઠમાં આવતા લગભગ સરખા શબ્દોની સમજ અને અર્થ સમજાવશે. બાળકો સમજીને લખશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાં આપેલી શબ્દ પોટલીમાં નવા શબ્દોનું લેખન કરાવી શબ્દ પોટલી પૂર્ણ કરાવશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- મોબાઇલમાં પોતાની સેલ્ફી પાડવી
- પાઠમાં આવતા અઘરા શબ્દોનું લેખન
- ગમતી રમતોના નામ લખવા ચિત્રનું અવલોકન
- દાંડીકૂચની રમત
- રમતોના નામ
- તેથી, કારણ કે, કેમ કે, જેવા સંયોજકોનો ઉપયોગ ખાલી જગ્યાઓ પૂરવી
- કોષ્ટકના આધારે વાક્યો
- આગળ – પાછળ, જેથી – માં, એટલે – પર
- પાઠમાં આવતા અઘરા શબ્દો
- કાવ્યમાં આવતા અઘરા શબ્દો
- કાવ્ય સમજૂતિ
- કોષ્ટકના આધારે પ્રશ્નો
- સરખા સમાનાર્થી શબ્દો
- શબ્દ પોટલીના શબ્દો

**મૂલ્યાંકન**

- ગીતનું લેખન કરવું
- ઘરેથી પાઠનું વાંચન કરવું
- જોડકણા લખવા
- આવા બીજા વાક્યો લખવા
- ગમતી રમત વિશે પાંચ વાક્યો બોલવા
- શબ્દો સુધારી ફકરો ફરી લખવો
- પાઠનું વાંચન કરવું

- રમતોના નામ લખવા
- આવડતી રમત લખવી
- સંયોજકો વાપરી વાકયો લખવા
- ગીતનું લેખન કરવું
- ફકરો સુધારીને લખો
- ચિત્ર દોરવું
- કાવ્ય લખવું
- સમાનાર્થી શબ્દો લખવા
- શબ્દોનું લેખન કરવું

## ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન

**પાઠનું નામ:** ૯. કમળ જળ, કમળ જળ, કમળ જળ

**અધ્યયન નિષ્પતિ :**

G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.

G402 શબ્દ અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.

G405 કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.

G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

G407 વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

G408 કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન
- પોસ્ટર જોઇને તેની સમજ
- સંવાદનું નાટ્યીકરણ
- નાટ્યીકરણ પરથી પ્રશ્નોત્તરી
- ઘમાચકડીનું ગાન
- કોષ્ટક પરથી સાચા વાકયો બનાવવા
- પાઠનું આદર્શ વાંચન
- પાઠની સમજ વાર્તા સ્વરૂપે
- નાગદમન કાવ્યગાન
- કાવ્યની સમજ અને પ્રશ્નોત્તરી
- ખરા – ખોટા બંધબેસતા વાકયો
- નાગ માથે નટવર વાર્તાનું નાટક
- જોડકાં જોડો

- પ્રશ્નોના જવાબ
- ખાલી જગ્યા પૂરવી
- વાકયો યોગ્ય જગ્યાએ ગોઠવવા
- મુખ્ય વાકય પરથી ટૂંકમાં જવાબ
- વાકયો પરથી પ્રશ્નો બનાવવા
- વાકયો બનાવવા અને લંબાવવા
- સાચું વાકય ઓળખો
- બે વાકયો અલગ કરવા
- લખાણામાં ખૂટતો, ભૂલ થયેલ અક્ષર / શબ્દો સુધારો
- લગભગ સરખા શબ્દોની સમજ
- શબ્દ પોટલી પૂર્ણ કરશે.

**શૈક્ષણિક સાધન :**

- મોબાઇલ
- પાઠય પુસ્તક
- બાલસૃષ્ટિ અંક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક વર્ગમાં વર્ગ વ્યવસ્થા કરીને બાળકોને સમૂહમાં ગીતનું ગાન કરાવશે. બાળકો કરશે બાળકોને પા.નં. ૧૫૬ પર આપેલ સર્પોના પોસ્ટર બનાવીને તેની સમજ આપશે. બાળકો સાપ વિશે જાણશે અને લખશે. શિક્ષક બાળકોને પાઠમાં 'માખણ મિત્ર મટુકી'નો સંવાદ નાટયીકરણના રૂપે વંચાવશે. બાળકો તે પ્રમાણે જુદા જુદા પાત્રો ભજવશે અને વાંચન કરી લેખન કરશે. શિક્ષક બાળકોને સંવાદના નાટયીકરણ પરથી પ્રશ્નોના જવાબ આપશે. બાળકો જવાબ આપશે અને નોંઘ કરશે. શિક્ષક બાળકોને સમૂહમાં ઘમાચકડી ગીતનું ગાન કરાવશે. બાળકો તેનું ઝીલગાન કરશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા કોષ્ટક પરથી સાચા વાકયો બનાવવાની સમજ આપશે. બાળકો તે પ્રમાણે વાકયો બનાવશે અને વાકયોનું લેખન કરશે. શિક્ષક બાળકો સમક્ષ આરોહ – અવરોહ સાથે પાઠનું આદર્શ વાંચન કરશે. બાળકો તે પ્રમાણે વ્યક્તિગત વાંચન કરશે. શિક્ષક બાળકોને પાઠની સમજ વાર્તા સ્વરૂપે આપશે. તે પ્રમાણે બાળકો ધ્યાનથી શ્રવણ કરશે અને સમજશે. શિક્ષકો બાળકો સમક્ષ 'નાગદમન' નું કાવ્ય ગાન કરશે. બાળકો તે ગીત ગાશે અને સમજૂતિ મેળવશે. શિક્ષક બાળકોને પ્રશ્નોના જવાબ પૂછશે. બાળકો પ્રશ્નોના જવાબ આપશે. અને લખશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા વાકયોમાં બંધ બેસતા વાકયોમાં ખરા

વાકયોની સમજ આપવી બાળકો સમજે. લખે અને ખોટા વાકયોની સામે સાચા વાકયો લખવા જણાવશે. શિક્ષક વર્ગમાં બાળકો સમક્ષ નાગદમન વાર્તા કહેશે અને પછી બાળકો દ્વારા નાટયીકરણથી વાર્તા કરાવશે. બાળકો કરશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા જોડકાની સમજ આપશે. બાળકો સમજશે અને સાચા વાકયની સામે જોડકા જોડશે. પ્રશ્નોના જવાબોની ચર્ચા કરશે. શિક્ષક બાળકોની પાઠય પુસ્તકમાં આપેલ ખાલી જગ્યા અને પ્રશ્નોના જવાબોની ચર્ચા કરશે. બાળકો તે ધ્યાનથી સાંભળશે. અને ચર્ચાના આધારે ખાલી જગ્યા પુરશે. પ્રશ્નોના જવાબ આપશે. શિક્ષક બાળકોને આપેલ શબ્દ જવાબ આવે એવી રીતે પ્રશ્નો બનાવતા શીખવશે. બાળકો તે પ્રમાણે બનાવશે અને લખશે. શિક્ષક વાકયો બનાવશે અને તેને લંબાવીને કઇ રીતે વાકય બોલાય તેમજ લખાય તેની સમજ આપશે. બાળકો સમજશે અને તે પ્રમાણે લખશે. શિક્ષક બાળકોને સાચા વાકયોની સમજ આપશે અને વાકય ફરીથી લખવા જણાવશે. તે રીતે બાળકો લખશે એક વાકયને જુદી જુદી રીતે કેમ લખાય તેની સમજ આપશે. બાળકો સમજશે અને બે વાકયોનું લેખન કરશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલ ખૂટતો અને ભૂલ રહિત શબ્દોની સમજ આપશે. તે શબ્દ ચેકવા જણાવશે. અને તેના પરથી ફરીથી વાકય લખવા માટે જણાવશે. બાળકો તે પ્રમાણે વાકયો સમજશે અને લખશે શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલ સરખા શબ્દોની સમજ આપશે. બાળકો ધ્યાનથી સમજશે અને તે પ્રમાણે શબ્દ પોટલીના નવા શબ્દોનું લેખન કરશે અને વાંચશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- જુદા – જુદા સાપોની નોંધ
- સંવાદના પાત્રો
- પ્રશ્નોના જવાબ
- ગીતનું ગાન
- સાચા વાકયો
- પાઠનું વાંચન
- વાર્તાનું કથન
- કાવ્યગાન
- સમજૂતિ
- પ્રશ્નોત્તરી

- સાચા વાકયો
- વાર્તા કથન
- પ્રશ્નોના જવાબ
- શબ્દો પરથી પ્રશ્નો
- શબ્દો પરથી લંબાવીને વાકયોનું લેખન
- ખોટા શબ્દો પર ચેકા પાડવા
- સરખા શબ્દોનું લેખન

**મૂલ્યાંકન**

- સાપોના નામ લખવા
- સંવાદોનું લેખન કરવું
- પ્રશ્નોના જવાબો લખવા
- ગીત લખવા કહેવું
- વાકયોનું લેખન કરવું
- વાર્તા લેખન કરવું
- પ્રશ્નોના જવાબો લખવા
- નવા વાકયો બનાવીને લખવા
- સાચા વાકયો લખો.
- શબ્દો લખવા

**માર્ચ માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૧૦. રંગે સંગે કામ કરો – ફરી એક લટાર– ૨

**અધ્યયન નિષ્પતિ :**

G401 શબ્દ અને વાક્યોનું સંકેતીકરણ કરી શકે છે.

G402 શબ્દ અને વાક્યોનું શબ્દીકરણ કરી શકે છે.

G405 કથનાત્મક લખાણનું વાંચન-અર્થગ્રહણ કરે છે.

G406 માહિતીલક્ષી લખાણ લખી/કરી શકે છે.

G407 વર્ણનાત્મક લેખન વાંચી શકે છે અને સમજી શકે છે.

G408 કાવ્યાત્મક લખાણને વાંચે, માણે અને સમજે છે.

G412 લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G413 નામ ઓળખાવ્યા વિના વ્યાકરણના ઘટકો ઓળખે છે અને પ્રયોજે છે.

G414 પરિચિત શબ્દોને ઓળખી શકે છે.

G417 મનોશારીરિક પ્રવૃત્તિઓ કરી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન કરાવી ચિત્ર પરથી ધારણા
- પાઠનું આદર્શ પઠન અને સમજ
- કોષ્ટક પૂર્ણ કરીને ખરા ખોટાની મસજ
- ગીતનું ગાન, સાચું વાકય પસંદ કરો
- પાઠના આધારે પાત્રોના નામ લખશે. ગીતનું ગાન

- સૂચના પ્રમાણે અભિનય
- વાર્તાનું આદર્શ વાંચન કરાવી પ્રશ્નોત્તરી
- શકયતાઓની ધારણા કરશે.
- ઓજારોના ઉપયોગની સમજ
- લયબધ્ધ ગીતનું ગાન
- ગીતની સમજ આપી પ્રશ્નોત્તરી
- ખરા – ખોટાની સમજ
- કાવ્ય પંક્તિ આધારીત જૂથ ચર્ચા
- ભાવ પૂર્વક કેમ કહેવાય તેની સમજ
- ગીતનું ગાન કરીને જોકસ સંભળાવવા
-ખેતરનું ચિત્ર દોરી રંગ પૂરશે.
- શબ્દ પોટલીની સમજ

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- રંગ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

શિક્ષક બાળકોને હળવી કવાયત કરી રાગ – ઢાળ સાથે સરસ ગીત ગડવાડશે. બાળકો તેનું ઝીલગાન કરશે. શિક્ષક પાઠય પુસ્તક આપેલા ચિત્રનું અવલોકન કરવા માટે જણાવશે. અને ચિત્ર વિશે ધારણા કરાવશે. બાળકો તે પ્રમાણે કરશે. ચિત્રના આધારે જવાબો આપશે. શિક્ષક બાળકો સમક્ષ પાઠનું આદર્શ પઠન કરશે અને પાઠની સમજ આપશે. બાળકો ધ્યાનથી સમંભળશે અને સમજશે. પાઠના આધારે શિક્ષક બાળકોને પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો પ્રશ્નોના જવાબ આપશે અને લખશે. શિક્ષક બાળકોને કોષ્ટકની સમજ આપશે અને કરેલી ક્રિયાઓની નોંધ કરવા જણાવશે. શિક્ષક બાળકોને સમૂહમાં ગીત ગવડાવી વર્ગ વ્યવસ્થા કરશે. પાઠય પુસ્તકમાં આપેલા વાકયોમાં સમાનાર્થી શબ્દ શોધી અને તે લખવા માટેની સમજ આપશે. બાળકો સમજશે અને લખશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા વાકયો પરથી અર્થ તારવવાનું કહેશે અને તેના ઉપર ખરાની નિશાની કરવા જણાવશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા વાકયો સાથે પાત્રોના નામ શોધવા માટે સમજ આપશે. બાળકો પાત્રનું વાંચન કરી વાકયો કોણ બોલે તે પાત્રોના નામ શોધશે. અને લેખન કાર્ય કરશે. અને ગીતનું ગાન કરશે. શિક્ષક વિદ્યાર્થીઓને પાઠમાં આવેલા વાકયો પ્રમાણે ક્રિયાના અભિનય કરવા જણાવશે બાળકો તે પ્રમાણે અભિનય કરશે. શિક્ષક બાળકોને

પાઠનું વ્યક્તિગત આદર્શ વાંચન કરાવી પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો જવાબો આપશે. અને નોટબુકમાં લખશે. શિક્ષક બાળકોને પાઠ્ય પુસ્તકમાં અમુક ક્રિયા થાય તો શું થાય તેની શકયતાની ધારણા કરાવશે. શિક્ષક બાળકોને ઘર વપરાશના જુદા – જુદા અજારો બતાવો અને તેના વિશેની સમજ આપશે. ઓજારોનો ઉપયોગ વિશેની નોંધ કરશે. બાળકોને સમૂહમાં 'મોસમ આવી મહેનતની' ગીતનું ગાન કરાવશે. બાળકો તે પ્રમાણે ગીત ગાશે ગીતની સમજ શિક્ષક બાળકોને આપશે. અને તેના પ્રશ્નોની ચર્ચા કરી બાળકોને પ્રશ્નોના જવાબો પૂછશે. કાવ્યના આધારે ખરા – ખોટાની સમજ આપશે. શિક્ષક બાળકોને કાવ્ય પંક્તિ આધારિત જૂથમાં બાળક પાસે પંક્તિ બોલાવશે. અને તેની સમજૂતિ આપી સમજ આપશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને લખશે. શિક્ષક બાળકોને કોઇપણ કાર્ય કરવા માટે ભાવપૂર્વક કઇ રીતે કહી શકીએ તેની પાછળ પ્રશ્નાર્થ, ઉદગાર જેવા વાકયો કેમ બનાવાય તેની સમજ આપશે. બાળકો સમજશે અને જાણશે. શિક્ષક બાળકોને પાઠમાં આપેલા ખેતરનું ચિત્ર દોરી રંગ પૂરવા માટે જણાવશે. બાળકો તે પ્રમાણે દોરશે. પાઠ્ય પુસ્તકમાં આપેલા શબ્દ પોટલીમાં નવા – નવા શબ્દોના અર્થ સમજ આપી શબ્દો લખાવશે. બાળકો તે પ્રમાણે લખશે.

## પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ

- ગીતનું ગાન
- ચિત્રનું અવલોકન
- પાઠનું આદર્શ વાંચન
- પ્રશ્નોના જવાબોની ચર્ચા
- કોષ્ટકની સમાચાર સમાનાર્થી
- શબ્દોનું લેખન પાઠમાં આવતા પાત્રોના નામ
- જુદા જુદા અભિનય
- શકયતાની ધારણા
- ઓજારો નિદર્શન
- સમૂહમાં ગીતનું ગાન
- કાવ્યના પ્રશ્નોની ચર્ચા
- ખરા – ખોટાની સમજ
- જોકસ, ગીત
- રંગપૂરણી
- શબ્દ પોટલીના શબ્દો

## મૂલ્યાંકન

- ચિત્રના આધારે આઠ દસ વાક્યો લખવા
- પાઠનું લેખન કરવું
- પ્રશ્નોના જવાબ લખો
- ખરા ખોટા લખો.
- સમાનાર્થી શબ્દો લખવા
- પાત્રોનાં નામ સાથે વાક્યો લખવા
- પાઠનું લેખન કરવું
- પ્રશ્નોના જવાબ લખો.
- ઓજારોના નામ લખવા
- ગીત લખવા માટે કહેવું
- સમજૂતિ લખવા જણાવો
- ભાવ પૂર્વકના વાક્યો લખવા
- ગીત લખવું
- ચિત્ર દોરી રંગ પૂરો

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર